# :: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું જાહેરનામું ::

નં.એમએજી/ડાયવર્ઝન/વશી.૮૦૯૦ થી ૮૧૨૪/૨૫
જિલ્લા મેજીસ્ટ્રેટ સુરતની કચેરી, બી-બ્લોક,
જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઇન્સ, સુરત
તા. ૧૬/૧૦/૨૦૨૫

કાર્યપાલક ઈજનેર રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ ભરૂચએ તા.૦૮/૦૯/૨૦૨૫ના પત્રથી જણાવેલ છે કે, અંકલેશ્વર હાંસોટ કદરામા રોડ (NH-64) પર વડોલી વાંક અને સાહોળ ગામ વચ્ચે કીમ નદી આવેલી છે. સદર જગ્યાએ કીમ નદી પર મેજર બ્રીજ આવેલ છે. જે બ્રીજ બન્યાને આશરે ૪૦ થી વધુ વર્ષનો સમયગાળો વીતી ગયેલ છે અને હાલમાં કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ભરૂચ દ્વારા કસાડ કન્સલ્ટનસી, અમદાવાદ ને સુરત અને ભરૂચ પેટા વિભાગના બ્રીજોના એનડીટી ટેસ્ટ કરવા માટે વર્ક ઓર્ડર આપેલ છે જે અંતર્ગત તા. ૧૩-૦૮-૨૦૨૫ ના રોજ પેટા વિભાગ હસ્તકના કીમ નદી પર આવેલ મેજર બ્રીજનું ટેસ્ટીંગ હાથ ધરવામાં આવેલ હતું જેના પરિમાણો આવતા સદર કીમ નદી પર આવેલ બ્રીજ જુનો અને નબળો હોય સદર બ્રીજ પર ભારે વાહનો અને માલવાહક વાહનો બંધ કરવા માટે કસાડ કન્સલ્ટનસી, અમદાવાદ દ્વારા જણાવેલ છે જેથી કરી સદર બ્રીજ પર ભારે વાહનો અને માલવાહક વાહનોની અવર જવર બંધ કરવાની જરૂરીયાત જણાય છે જેથી કરી સદર બ્રીજ પર ભારે વાહનો બંધ કરવા માટે જરૂરી જાહેરનામું પ્રકાશિત કરવા માટે વિનંતી છે.

સબબ તા.૧૭/૧૦/૨૦૨૫ થી તા.૧૬/૧૧/૨૦૨૫ સુધી અંકલેશ્વર હાંસોટ કદરામા રોડ (NH-64) પર વડોલી વાંક અને સાહોળ ગામ વચ્ચે કીમ નદી ઉપર આવેલ મેજર બ્રીજ ઉપર ભારે વાહનો અને માલવાહક વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ મુકવા માટે કીમ નદી ઉપર મેજર બ્રીજ ના ટ્રાફિકને ડાયવર્ટ કરવા નીચે મુજબના વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવાનો રહેશે.

વાસ્તે, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું વિજય રબારી, (જી.એ.એસ.) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત તા. ૧૭/૧૦/૨૦૨૫ થી તા. ૧૬/૧૧/૨૦૨૫ સુધીના સમય દરમ્યાન નીચે જણાવેલ માર્ગ બંધ કરી, તેના પરથી પસાર થતો ટ્રાફિક તેની સામે જણાવેલ વૈકલ્પિક માર્ગ પર ડાયવર્ટ કરવા આથી હુકમ કરૂં છું.

ભારે વાહનોનું ડાયવર્ઝન

| ક્રમ | વાહનનો પ્રકાર | ડાયવર્ઝનની વિગત | ડાયવર્ઝન આપેલ રૂટ |
|---|---|---|---|
| ૧ | ભારે વાહનો અને માલવાહક વાહનો માટે | અંકલેશ્વર હાંસોટ કદરામા રોડ (NH-64) પર વડોલી વાંક અને સાહોળ ગામ વચ્ચે કીમ નદી ઉપર આવેલ મેજર બ્રીજ તરફ આવતા-જતા વાહનો માટે | (૧) અંકલેશ્વરથી (NH-48) કીમ થઈ ઓલપાડ આવવા-જવા માટે<br>(૨) ઓલપાડથી કીમ થઈ અંકલેશ્વર (NH-48) આવવા-જવા માટે |

ઉક્ત જણાવેલ ડાયવર્ઝન વાળી જગ્યાએ ડાયવર્ઝન રૂટ અંગેની દિશા દર્શાવતા બોર્ડ લગાવવા અંગે કાર્યપાલક ઈજનેર રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ ભરૂચ નાઓએ નિયમાનુસાર વ્યવસ્થા કરવાની રહેશે. જો તેમ કરવામાં ચુક થશે અને કોઇ આકસ્મિક ઘટના બનશે તો તેની સમગ્ર જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંને ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો કાર્યપાલક ઈજનેર રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ ભરૂચ ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તા. ૨૬/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી સિકકા કરી આપવામાં આવેલ છે.

ADDITIONAL DISTRICT MAGISTRATE અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ सत्यमेव जयते સુરત SURAT

(વિજય રબારી)
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
સુરત

પ્રતિ,

૧. પોલીસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્ય, અઠવાલાઈન્સ, સુરત તરફ.
૨. વિભાગીય નિયામકશ્રી, એસ.ટી., નવાગામ, સુરત.
૩. પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીશ્રી, આર.ટી.ઓ., સુરત.
૪. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત.
૫. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરત.
૬. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, સીટી પ્રાંત(ઉત્તર)/સીટી પ્રાંત (દક્ષિણ)/ ઓલપાડ/ કામરેજ/ બારડોલી/માંડવી, જિ.સુરત તરફ.
૭. મુખ્ય કારોબારી અધિકારી, સુડા ભવન, વેસુ-અભવા રોડ, વેસુ, સુરત
૮. એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, ચોર્યાસી/અબ્રામા/ઓલપાડ/કામરેજ/પલસાણા/બારડોલી/મહુવા/માંડવી/માંગરોળ/ઉમરપાડા, જિ.સુરત તરફ.
૯. મામલતદારશ્રી, ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, સુરત
૧૦. કાર્યપાલક ઈજનેર રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ ભરૂચ
૧૧. કાર્યપાલક ઇજનેરશ્રી, મા.મ, વિભાગ-૧, સુરત.
૧૨. કાર્યપાલક ઇજનેરશ્રી, મા.મ, વિભાગ-૨, સુરત.
૧૩. કાર્યપાલક ઇજનેરશ્રી, મા.મ, પંચાયત વિભાગ, સુરત.
૧૪. પ્રોજેકટ ડાયરેકટરશ્રી, નેશનલ હાઇવે ઓથોરીટી ઓફ ઇન્ડીયા, ચોથો માળ, ડ્રીમ સીટી, DCL ઓફિસ બિલ્ડીંગ, ગામ-ખજોદ, તા.ચોર્યાસી, જી.સુરત-૩૯૫૦૦૭.
૧૫. જિલ્લા સરકારી વકીલશ્રી, જિલ્લા ન્યાયાલય, સુરત.
૧૬. નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, બારડોલી (મા.અને મ.) પેટા વિભાગ, બારડોલી, જી.સુરત.

નકલ જયભારત સહ રવાના :-

૧. સંયુકત માહિતી નિયામકશ્રી, માહિતી ખાતું, સુરત તરફ.
   ૨/- સ્થાનિક અખબારોમાં જાહેર જનતાની જાણ સારૂ પ્રસિધ્ધી અર્થે.
૨. મેનેજરશ્રી, સરકારી પ્રેસ એન્ડ સ્ટેશનરી, વડોદરા તરફ.
   ૨/- ગેઝેટમાં પ્રસિધ્ધી આપી તેની નકલો મોકલવા વિનંતી છે.

નકલ સવિનય રવાના :-

૧. અધિક સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર તરફ.
૨. રજીસ્ટ્રારશ્રી, નામ. ગુજરાત હાઇકોર્ટ, સોલા રોડ, અમદાવાદ તરફ.
૩. પોલીસ કમિશનરશ્રી, સુરત શહેર, સુરત તરફ.
૪. પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ અને સેસન્સ જજશ્રી, સુરત તરફ.